૭૧૫૮

પ્રતાપી રાજસિંહ નાટકના

ગાયનો.

શ્રી અમદાવાદ ગુજરાતી નાટક કંપનીને માટે

રચનાર

ભોજક તુલસીદાસ અમરતલાલ.

તથા

નાયક છોટાલાલ મગનલાલ

છપાવી પ્રસિદ્ધ કરનાર.

અ૦ ગુ૦ ના૦ કંપની.

આવૃતિ પેહેલી. પ્રત ૧૦૦૦

અમદાવાદ.

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૫ સને ૧૮૯૯

કીંમત બે આના.

ॐ श्री परमात्मने नमः ॥

પ્રતાપી રાજસિંહ નાટકનો ટુંકસાર.

અંક ૧ લો.

પ્રવેશ ૧—શરૂઆતમાં સુત્રધાર તથા નટી ઇશ્વર પ્રાર્થના કરી ગુર્જરી ભાષાની ઉન્નતી દર્શાવે છે.

,, ૨—રાજા શીલાદીત્ય બંને છોકરાઓની પરીક્ષા લેવા શ્લોક પુછે છે તેનો અર્થ નવી રાણીના કુમાર બાલસિંહ કરતાં પોતાનો પાટવી કુમાર રાજસિંહ ઘણો સારો કરે છે તેથી નવી રાણી હેમંતકુમારી ને રાજસિંહ ઉપર દ્વેશ ઉત્પન્ન થાય છે ને તેને મારી નાંખવા કોટવાળ સાથે પ્રયત્ન કરે છે.

,, ૩—રાજસિંહને મારી નાંખવા સારૂ કોટવાળ મારાઓને જંગલમાં મોકલે છે.

,, ૪—જંગલમાં રાજસિંહને મારાઓ છોડી મુકે છે, તે મારાઓ હરીણની આંખો કોટવાળને બતાવવા સારૂ લેઇ જાય છે.

,, ૫—ભીલ તથા ભીલડીનો કજીયો, ભીલની નીચ બુદ્ધિથી તેનો છોકરો રતનો પોતાના બાપને તીરસ્કાર દેઇ છુટો પડે છે.

,, ૬—જંગલમાં રાજસિંહ યોગીના વેશે ફરે છે. ત્યાં કલ્યાંણની કુંવરી મૈનાક પોતાના માણસો સાથે આવી મળે છે પાછળથી બાહારવટીયાઓ તેને લુંટવા આવે છે. રાજસિંહ બાહારવટીયાઓને મારી કુંવરીને બચાવે છે. પાછળથીર બાહાવટીયાનો અકસ્માત સખ્ત ઘા વાગવાથી રાજસિંહ બેશુદ્ધ થઇ પડે છે મૈનાક પોતાના રથમાં પીરજનો સાથે લેઇ જાય છે.

,, ૭—જંગલમાં મોકલેલા મારાઓ કોટવાળને મળી રાજસિંહને મારી નાંખ્યાની વાત જાહેર કરે છે.

,, ૮—કોટવાળ તથા નવી રાણી હેમંતકુમારીનો પ્રેમ, રાજસિંહને મારી નાંખ્યાથી બંને જણ ખુશી થાય છે અકસ્માત રાજા શિલાદિત્ય સુતેલો હોવાથી સાંભળે છે આ તરકટ જાણી પુત્ર માટે ખેદ કરે છે ને રાણીને ફીટકાર દે છે.

,, ૯—રાજા શિલાદીત્ય નવી રાણી હેમંતકુંમારીના કુંમાર બાળસિંહને મળે છે ને રાજસિંહ મરાવી નંખાવ્યાની વાત જાહેર કરે છે–બાળસિંહ પોતાની માને ધીક્કાર આપે છે. ને શીલાદીત્યને ખેદ ન કરવા તથા પોતાના ભાઇ પ્રત્યે કેવી લાગણી છે તે બતાવી આપવાની વાત જાહેર કરે છે.

,, ૧૦—ભીલનો છોકરો રતનો જંગલમાં કુંવામાં પડે છે ત્યાં તેને વટેમાર્ગુ આવી બચાવે છે.

,, ૧૧—ભીલ તથા ભીલડી પોતાનો છોકરો નાશી જવાથી તેની શોધમાં ફરે છે.

,, ૧૨—બાળસિંહના મહેલ આગળ ભીલના છોકરા રતનાનું અચાનક આવવું. બાળસિંહ પોતાના ભાઇની શોધમાં જવાને ખરો લાગ જાણી પોતાના લુગડાં રતનાને પેહેરાવી પોતે ભીખારી વેશમાં રતનાને મેહેલમાં મુકી નીકળી જાય છે બાળસિંહની બ્હેનો પોતાના ભાઇને મળવા આવે છે રતનો ગભરાઇ નાશી જાગે છે. બાળસિંહની બ્હેનો પોતાના ભાઇની બેશુદ્ધી રાજાને જાહેર કરવા જાય છે.

,, ૧૩—બાળસિંહ પોતાના ભાઇને શોધી લાવવાની પ્રતિજ્ઞા લેઇ ચાલ્યો જાય છે.

,, ૧૪—પીરજના થાણામાં મૈનાક રાજસિંહની સારવાર કરે છે ત્યાં પરસ્પર પ્રેમ દર્શન, પાછળથી રાજસિંહ મૈનાકને મુકી નાશી જાય છે.

,, ૧૫—છોકરાંઓની ગમત–ત્યાં બાળસિંહનું આવવું. બાળસીંહને છોકરાઓ મારે છે. પાછળથી વટેમાર્ગુ આવી બચાવે છે–રતનાની શોધે નીકળેલો તેનો બાપ બાળસીંહને પોતાનો છોકરો જાણી પકડી ધમકાવે છે છતાં વટેમાર્ગુ બાળસીંહને પોતાની સાથે લેઇ જાયછે.

,, ૧૬—શીલાદીત્ય–પોતાના દીકરા રાજસીંહનો વીયોગ થવાથી ખેદ કરે છે તથા બાળસીંહરૂપે રતનો બેશુદ્ધ થવાથી તેને શુદ્ધીમાં લાવવા પ્રધાનને સાથે રહેવા હુકમ કરે છે.

અંક ૨ જો.

પ્રવેશ ૧—સોપુરના રાજાના પાટવી કુમારનું ઘોડેસ્વાર લઇ શીકારે આવવું, ઘોડો ભડકવાથી તેનું પડી જવું, અકસ્માત એક અજગરનું રાજપુત્રને ગળવું. જોગી વેશે સમાધીસ્થ રાજસીંહનું અજગરને મારી વીરસેનને બચાવવું, બાદ એક અબધુતનું આવી ચડવું તથા રાજસીંહને યોગ ધારણ ન કરવા ઉપદેશ કરવો. તથા તેનું ભવીષ્ય ભાંખવું બાદ કન્યાઓનું તે બન્ને કુમાર માટે ભોજન લઇ આવવું તે જમ્યા બાદ રાજસીંહ તથા વીરસેનનું અબધુતની આજ્ઞા લઇ છુટુ પડવું.

,, ૨—રાજસીંહ તથા વીરસીંહનું આવવું તથા પોતાની પરસ્પર ઓલખાંણ રહેવા સારૂં વીંટી બદલી ચાલ્યા જવું બાદ ચોરોનું

ત્યાં આવી દારૂના નીશામાં મશગુલ રહેવું તથા ગુણકાનું ત્યાં આવી નાચ રંગથી મન ખુશી કરી તેમને ઠગી ચાલી જવું બાદ ભીલનું પોતાના છોકરા રતનાને પકડી લાવવાનું પોતાની ટોળીને જણાવવું.

,, ૩ જોગીના પ્રેમમાં તથા વીરહ ઘેલી મૈનાકને તેની સખી તે જોગીની છબી દેખાડી ખુશી કરેછે. એવામાં મૈનાકની મા ત્યાં આવે છે અને રાજસીંહના નાશી જવાના વર્તમાનથી જાણીતી કરે છે અને પોતાના પતીને દીકરીની યોગ્ય ઉમ્મર થવાથી કોઇ રાજપુત્ર સાથે લગ્ન કરવા સબંધી વાત કરવા ધારે છે રાજા ત્યાં આવે છે એટલામાં બ્રાહ્મણ મૈનાકના લગ્નની પત્રીકા લાવી આપે છે રાજા તથા રાણી લગ્ન સાહીત્ય તૈયાર કરવા જાય છે સખી તથા મૈનાક એ લગ્નની ખુશાલી પ્રસંગે ગરબો ગાય છે.

,, ૪—માળવાનો રાજા મેરૂમલ પોતાના પુત્રને પરણાવવા જાન જોડીને આવે છે છતાં પુત્ર ગાંડો હોવાથી રાજા પોતાની પુત્રી નહી પરણાવે એવી ધારણાથી દીલગીર થાય છે પ્રધાન પુત્રને પરણાવતાં સુધી તેને બદલે કોઇ બીજો બાળક શોધી પરણાવી દેવા રાજાને હીમ્મત આપે છે.

,, ૫—બાળસીંહ પોતાની ખરી હકીકત તથા પોતાને આવેશમાં અહી આવવું શાથી થયું તે સંક્ષેપમાં જણાવે છે અને વટેમાર્ગુની મદદ લેવા બાળસીંહ પ્રાથના કરે છે બાદ બન્નેજણા સુઇ જાય છે એટલામાં રતનાનો બાપ તથા બીજા ચોરો આવી સુતેલા બાળસીંહને ખાટલા સહીત ઉપાડી જાય છે

,, ૬—રાજસીંહ રસ્તા પર ભીક્ષા માગવાના વીચારમાં છે એટ-

ત્રામાં રાજા મેરૂમલનો પ્રધાન ગાંડા છોકરાના બદલમાં પરણી
વતાં સુધી રામરાજાના જમાઇ તરીકે સાથે રાખવા લઇ જાયછે.
,, ૭—મહેરૂમલ પાસે જોગી રાજસીંહને સીપાઇ તથા પ્રધાનજી
પકડી લાવે છે રાજા રાજસીંહને રાજ્ય અધીકાર પહેરાવવા
આજ્ઞા કરે છે. સીપાઇઓ તેમ કરે છે.
,, ૮—મૈનાકના લગ્ન સબંધી પરચુરણ જાતના લોકો રસ્તાપર
ચરચા ચલાવે છે તથા પરસ્પર એક બીજાની જાતની નીંદા
કરતાં લડાઇ કરી નાશી જાય છે.
,, ૯—રાંણી તથા સખીઓ મૈનાકને યોગ્ય પતી મળ્યાની પ્રસં-
સા કરે છે. એવામાં રામ રાજા પધારે છે અને પોતાને સર્વ
ગુણ સંપન જમાઇ મળવાથી પોતે ખુશી થાય છે. મેરૂમલના
પ્રધાનને હમણાં જમાઇ આંહીન રાખવાનું રામ રાજાને કહે
છે રાણી જમાઇને રાખવા આગ્રહ કરે છે. આખરે મેરૂમલનો
પ્રધાન રાજસિંહને પોતાનો પ્રપંચ ખુલ્લો ન પાડવા આજીજી
કરી રામ રાજા પાસે મોકલે છે.
,, ૧૦—રાજસીંહને તથા મૈનાકને એકાન્ત મેળવી દાસી ચાલી
જાય છે પરસ્પર મરયાદા સહીત વીનોદ કરતાં પોતાને પ્રથમ
બહારવટીઆઓથી બચાવનાર જોગી પ્રસીદ્ધ થાય છે, આ-
નંદમાં મગ્ન થયા બાદ મેરૂમલના પ્રધાનનું તરકટ મૈનાક
ધા જોવાથી જાણી જાય છે રાજસીંહ મૈનાકને વીંટી આપી
જુદો પડે છે.
,, ૧૧—રામ રાજાને દાશી તરફથી મૈનાક મેરૂમલના પુત્રને નહીં
પણ તેને બદલે કોઇ બીજા રાજકુમારને પરણી છે એવી ખ
બર મળે છે આથી રાજા ગુસ્સે થઇ પોતાના પ્રધાનને તેજ

ના આવા તરકટથી ફીટકારદેવા બારોટને ત્યાં મોકલવાં કહે છે.

,, ૧૨—(ફારસ) લખ્યું નથી.

,, ૧૩—મહેરૂ મલના પડાવ આગળ આવી રામ રાજાનો બારોટ રાજાને તથા પ્રધાનને આવા તરકટથી ફીટકાર દઇ ચાલ્યો જાય છે આથી રાજા તથા પ્રધાનને ક્રોધ ચડેછે અને ગમે તે પ્રકારે લડાઇ કરી કંન્યા લઇ પોતાના નગ્ર તરફ જવાનું નક્કી કરે છે અને લડાઇ માટે સૈન્ય તૈયાર કરી જાય છે.

,, ૧૪—મેહેરૂમલના લશ્કરને આવી કીલ્લા ઉપર હુમલો કરી મૈનાકના મેહેલને ઘેરો ઘાલવા વિચાર મૈનાકને લશ્કર આવ્યાની માલમ પડવાથી તેની સખી રૂપાળી સાથે વેશ બદલી નાશી જાય છે.

,, ૧૫—તોપના મારાથી કીલ્લો તોડે છે ને રામ રાજાને પકડે છે.

અંક ત્રીજો.

પ્રવેશ ૧—પુરૂષ વેશમાં રૂપાળી તથા મૈનાક જંગલમાં આવે છે. અને વીરસેન ઉપર પત્ર લખેછે તથા વીંટી નીશાની આપી. રૂપાળીને સૌપુર મોકલે છે ને મૈનાક એકલી પડે છે.

,, ૨—બાળસીંહ ભીલોને અહી ઉપાડી લાવ્યા બદલ પુછે છે, જેહલો ભીલ પોતાના છોકરાનો હક બાળસીંહ ઉપર જણાવે છે લુંટારાની સાથે બાળસીંહ લુંટ કરવાને બાંને જાય છે. અને તેમના હાથથી નાશી જવાનો લાગ તાકે છે.

,, ૩—વટેમાર્ગુ બાળસીંહના ગુમ થવાથી દીલગીર થઇ શોધમાં નીકળ્યો છે.

,, ૪—વીરસેન પોતાની સ્ત્રી સાથે રંગ રાગમાં છે. એટલામાં પુરૂષ વેશે મૈનાકની દાસી આવી. વીટી તથા પત્ર આપી. સર્વ

હકીકત જાહેર કરે છે પત્ર વાંચી એકદમ પોતાના ઉપર ઉપકાર કરનાર મીત્રની પત્નીને સાહય કરવા સજ થાય છે.

,, ૫—મૈનાક પોતાના પતીના વીયોગે આફત આવી પડવાથી ગાંડી બની જંગલમાં પ્રેમ ઘેલી થાય છે. એટલામાં લુંટારાઓની નજરે પડવાથી મૈનાકને ઉપાડી જાય છે એવામાં લુંટારૂઓને હાથ ફસેલો બાળસીંહ છટકી જાયછે.

,, ૬—બાળસિંહની શોધ માટે નીકળેલો વટેમાર્ગુ જંગલમાં બાળસીંહ મદદ માટે નાશી છુટેલ છે તેને મળે છે બંન્ને વીરસેનને અનાથ બાળકનો જીવ બચાવવા આજીજી કરે છે. બધા જાય છે.

,, ૭—મૈનાકને લુંટારૂ દેવી મંદીરે ભોગ આપવા લાવે છે. એટલામાં વીરસેન આવી ભીલોને ડરાવી. તેને બચાવે છે ત્યાર બાદ વીરસેન ગંભીરસીંહ તથા બાળસીંહથી જુદો પડી જાય છે, મૈનાક ગંભીરસિંહ તથા બાળસીંહની સાથે રહે છે. રતનાનો બાપ જેહળ એનો છોકરો નાશી જવાથી ભીલને કહીને દીલગીર થાય છે.

,, ૮—મીત્રવી સોધથી નીરાશ થઇ થાકી ચુકેલા વીરસેનને રાજસીંહ જુએ છે અને વીટી ઉપર નજર પડતાં વીરસેનને ઠોકર મારી ઉઠાડે છે, ત્યારબાદ વાત કરતાં પરસ્પર બન્ને જણનું ઓળખાણ થાય છે પરસ્પર એક બીજાના દુખની વાત કહી સંભળાવે છે વીરસેનને તેનો જોગી વેશ છોડાવવાનો આગ્રહ કરે છે, ગામમાં પ્રવેશ કરે છે.

,, ૯—વાંણીઆના ઘરમાં ચોરો ખાતર પાડવા પેસે છે આ બાબત વાણીઆને ખબર પડવાથી યુક્તિ કરી ચોરોને પકડી કોટવાળને સ્વાધીન કરેછે.

,, **૧૦**—જંગલમાં ગંભીરસીંહ બાળસીંહ તથા મૈનાક સુતાં છે ત્યાં પેલો જેહળ જે કોટવાળના હાથમાં પકડાયો છે તે કોટવાળ તથા વાણીયાને સાથે લઇ આવે છે. ને તે ત્રણે જણાં તેના સાથે ચોરી કરવામાં સામેલ છે એમ કહી પકડાવે છે. કોટવાળને લઇ જાય છે.

,, **૧૧**—શીલાદીત્ય રાજા પોતાના પુત્ર બાળસીંહનું ભાન હજી ઠેકાણે ન આવ્યાથી દીલગીર રહે છે એટલામાં કોટવાળ આ ત્રણે ચોરોને લાવી દાખલ કરે છે પરસ્પર વાતચીત કરતાં ખરો પુત્ર બાળસીંહ પ્રગટ થાય છે બાદ બન્ને જોગી કચેરીમાં આવે છે પરસ્પર વાત વીનોદ થતાં જોગીરૂપે રાજસીંહ તથા વીરસેન અને મૈનાક પ્રગટ થાય છે અને પોતાના પીતાની પીતાથી ભેટે છે. બાદ જેહલા ભીલને પોતાનો ખરો પુત્ર રતનો બાળસીંહના રાજવેશમાં મળી આવે છે, સૌ એક એ-કને મળી ખુશી થાય છે અને ઇશ્વરની સ્તુતી કરે છે.

કલ્યાંણમસ્તુ.

શ્રી પ્રતાપી રાજસિંહ નાટકના ગાયનો.

અંક ૧ લો.

મંગળા ચરણ.

સુત્રધાર— ૧

વંદુ અવીનાશી વીભુ શીવ નગરીના ગાંમી,
ભારતી વીબુધ ગુરૂ બુધ સ્તવને નકામી. વંદુ૦

ખેલ ખલકનો રંગે આરંભ્યો,
યાચ્છું અંતરથી મંગળ ઈશ. ... ... વંદુ૦

મોક્ષ દાતા જ્ઞાતા, અધહર તાપ હરા,
પારસનાથ અનાથ આ આજે,
લાજ ધરી તુજ તાજ કૃપાળ,
પારસ ગુણ પ્રકાશ, પુરો મમ અભીલાશ,
અમ્રત સુત એ આશ. ... ... વંદુ૦

સુત્રધાર } ૨
નટી }

વસંત કે આ ગુર્જરીની રસીકતા વરી,
મીઠાશ જે વચન વીશે વસંતે નવ જરી,
અલી કુસુમ કળી ફરી ફરી રસપાન કરે ઉમંગ ધરી,
પણ વાણી વાણુ ક્યાં ...ા રસીકતા,

જણવી શકે કેમ જરીયે જરા,
હા હા વાત ખરી. ... ... વસંત કે૦

શીલાદીત્ય
હેમંતકુમારી

૩

દંપતી ખેલે પ્રેમ કેલી.
રંગથી રંગથી હરખ અપાર,
વારી જાઉં......રી.........દંપતી૦
તારા વદન સુધા કર પર.
ચીત ચકોર લોભીત,
લલાટ શોભીત,
સુંદર અરધ ચંદ,
મોહના અંગના
હૈયાના હાર હા
વ્હા વ્હા પ્રેમાળ... ... ...દંપતી૦

રાજસીંહ
બાળસીંહ
હેમંતકુમારી

૪

મુજ માત જાઉં હું ભણવા આશીશ મા...ગી,
ઉભા રહોને મમ ભ્રાત જાઓ શું લાગી.
કયાં જાયે,
ભાઈ વાહે.
મુઓ નથી સમજતો કાંઇ જરી હીણભાગી,—
માત વદો શું બાળને આજે, રાખો કામે શું છાનેરે,
જારે ધુતારા નહી આવે બાળક મુજ,
બસ હું જવાનો જાનેરે,
બાઈ માજી નથી રાજી,

ઉભા રહોને મમ ભ્રાત,
જાય કયાં ભાગી,
તું નથી સમજતી કાંઈ જરી હીણભાગી.

મારા— ૫

હા હે બાપાજી હા હે બાપાજી હા હે પડયા હે બારરે,
રણઘેલી વળી કાળે ઘડી જુઓ,
મોતે જડી તરૂઆરરે. ... હા હે૦
પેહે પાતાળને વેંધે આકાશ તો,
બગલું બસારૂં બાળરે;
ફાળ ભરી ઝટ, ઝટકે હું પાડું,
જાણે જુદી ઝાડેથી ડાળરે. ... હા હે.

રાજસીંહ— ૬

કીંચીત કુસંગેરે બોધ બગડે ઘણોરે,
પ્રત્યક્ષ જુઓ તેનું પ્રમાણ,
મણ દુધ માંહીરે છાંટો પડે છાશનોરે,
પછી થાય બીજા તે તેના વખાણ.... ...કીંચીત૦
હરણ્યાની હારેરે સારૂ ઢોર જો હળેરે,
જુઓ કુસંગથી કેવા હાલ,
મારખાય ભુંડુંરે, ચારો જરી નવ મળેરે,
ગળે પડે ડેરા તણું વળી સાલ... ... કીંચીત૦

ભીલડા— ૭

કરહણીયારે મને દરહણ દેજે,
ચારની રહી સું તાચી,
તારે ને મારે માયા નોનપણની

અરે એતો જાંણે જહોદા કાચી. ... રેહો૦
આહક બુહકનો મેતા શીચડોરે રોંધ્યો,
માંહી મગચોળીયું નાંશું,
આપણે બે ભેળાં બેહીને ખાહું,
અરે એતો સોરા ઉડાડહે માંશું. ... રેહો૦

ભીલ બાલડી }—

૮

ઉભીરે રાંડની વાંદરીરે, તારો ઉતારૂં નોર.
ભાન નથી ઘર બારમાં,
માર્યું પીટયા માર્યું;
તારો ઉતારૂં ભાર,
માર્યું અફેણીયા બાઇલારે.
તુંતો ચોટાનો સોર,
દાહાડી દોરાય દરબારમાં;
હોઠાળી લરપળી
જા કે પીટયા જા બળી,
ઘરમાંથી નો ટળી.
જા કે પીટયા જા બળી,
ડેયાં બતાવે રાંડ શંખણીરે.... તારો.

રતનો—

૯

પ્રભુ પતીત્ર ધાર દેને બુદ્ધી લગાર,
જો તું આપે ખાન પાન દુખ અપાર;
હે કૃપાવતાર લગાર વીચાર,
તો માનું હું મોટો તારો ઉપકાર. ... પ્રભુ.
મીન નાદે ભુલી મૃગ મારતો જાય,

ઠગાય ફસાયને કાય વીંધાય;
પતંગ તેમ જોતમાં ઝંપલાય,
તો પડતામાં જીવ દીનનોરે જાય. ... પ્રભુ.
અલી કેલી કાજે સરોવર જાય,
કમળ પરી મળે તે તો ફસાય;
કમળ બીડાયને ઘાતતો થાય,
બુદ્ધી લીધે આ બધું દુખ વેઠાય. ... પ્રભુ.

રાજસીંહ— ૧૦

મતમાં ગોથાં ખાઇ મુરખ નર,
નર ભવ શીદ ગમાવેજી;
માત તાત સુત બાંધવ વનીતા,
તે કો સાથ ન આવેજી.

હીરો છોડી વાહરે વાંદર, કાચ તું ગ્રહેવો ધાયજી;
કોઠનાં કાંઠા લખીયા કરમે, મોદક કયાંથી ખાયજી.
અંગે તેલ ફુલેલ ભરી જડ, ચાલે ચાલતું ગજનીજી.
કાળ થપાટે પડીશ ઝપાટે અત્રત સુત પ્રભુ ભજનેજી.

બાપજી— ૧૧

જઈ આજ હું ખરે લલીત લલનાનેરે પાડું પાસમાં,
લટક ચટક ચાલે ચતુરા આંખડી ચટકાદાર,
કાળજું કાપી ઘાયલ કરીયો બેઠું હવે શી વાર... આજ.
આલીંઘન હૈયા ધરીને પ્હોઢાડું દીલદાર,
અરસ પરસ રસ પાન અધરનું,
ફરી ઉઠાવું બ્હાર... ... ... આજ.

હેમંતકુમારી — ૧૨

શોક્ય આંખના પાટારે શુળી સમ હોય ભુંડી,
હૈડે નીત શધડીરે સાલે કાંટાથી ઉંડી,
ભુંડું બોલી વગોવેરે સાંમી વાંધા વચકા પાડી...
પ્રભુ શોક્ય ન મળશોરે જતાં રસ્તે આડી. શોક્ય.

હેમંતકુમારી } ૧૩
વાઘજી }

ખીલી કળી ચુસી ભોગીરસ રાજની મોજ તું માણુ. ખીલી
મીઠી મીઠી વાણી સુણી મૃગ આજે ભુલી ગયો ભાન,
શાણા શું સાંનમાં ભુલ્યા ભાન,
મોહીની તેં માર્યું મને કામ બાણુ,
શું આ ખરૂં કે મશ્કરી.
અરે વ્હારે પરીતારે મન મશ્કરી ઠરી,
ના ના ના વ્હાલા.
હાલા શા ચાળા,
અરે વ્હારે વ્હાલા વાઘજી વાતમાં આમ છેકજ રીસાયા કે!
ત્યારે શું અધારાંથી એ માયા કે?
અધીરાં? લ્યો આ કોલ,
આપો છોતો કોલ પણ વચનનો રાખજો તોલ હોંકે.
ઠીક ઠીક ચાલ વ્હાલા રસ રાજની મોજ તું માંણુ...ખીલી.

શીલાદીત્ય— ૧૪

દુર દુર થા તું હવે કરૂં તને હાર,
નીચ નાર તને તો છે ધીક્કાર, શરમ નહી લગાર,
જા દેખી આવે ખાર... ... ...દુ૦.

ધરણી કરણી નીચ સહે કેમ આ તું,
વીજળી બાળ ખંજર ઝટ ખાતું,
માર્યો બાળ આ—અરે તેં માર્યો,
દુર થા દુર થા કુલટા ટળજા... ... દુર.

શીલાદીત્ય— **૧૫**

ફાટી જા તું હવે ક્રુર દુર થા,
હવે રેહેશે મોઢે નાદાન, પાણુ જાણુ મુછ તુજ,
લજાવી તેં—ધુળ પડી તુજ મુછ પુંછ,
ભટકી ભટકી ખટપટ કપટ ઝપટ રચી,
છટકી છટકી અજાણ્યા પ્રાણુ જનને
વીકટ સંકટ કર્યાં ... ... ફાટી.
માત કુખ દુખ કરી રીબાવ્યું તેં તન
કુળ કુમુળ લેં ડુબાવ્યું ડાપણુ નાખ્યું,
ઝટપટ હઠ તું ધીક્કારથી થાય પથ્થર વથ્થર નર
ખંજર ખટપટ ટાળી ઝટપટ દુષ્ટાંગ છેદન કર
ભોગ હાથથી જાય ... ... ફાટી.

બાળસીંહ— **૧૬**

શું સાચ જગતથી જાશે
આવ્યો પ્રલય કાળ શું પાસે ... ... શું સાચ.
ગંગા સત્યથી ધરણી ઉભી તે શું ડુબ્યું આજે.
સતીયાઓ સત્ય છોડવા બેઠા
સાગરે લોપી લાજે ... ... શું સાચ.

ઝેર ઝર્યું ખરે ચાંદલીયાથી, તાત વદે તવ આવું.
ધરણી માતા બહુ બની બસ, દે મારગ હવે જાવું. શું સાગ.

રતનો— ૧૭

દરૂં હું દોશ કોને હાં નશીબની જ્યાં સરદારી છે ... દરૂં
સાહું અપમાન ભરવા પેટ ખુવારી હાય મારી છે ... દરૂં
રણમાં પાણી જાણીને કોમળ મૃગલું ધાય,
નાડી જળ પણ થળ રેતના ને દીનકરની લાહ્ય.
આંહ્રા એથી શું દુખ અવનીમાં અન્ય ભારી છે ... દરૂં.

રતનો— ૧૮

રાજા સુણો દુખ કહાંણીરે પાપીના ફાંસે પડીયો
ખાવા માગે માર પડે,
રમવા જાઉં ત્યાં નીત્ય લડે.
ભીખ માગી ભટકી ભટકી ભરૂં પેટ છતાં પડે ઝડીયો રાજા
તેથી મુકયો તાત આવાર
જાણી નશીબ તણો આધાર
ઝાડ હવે દુખનાં બાકી મુંજા માથે ડુંગર પડીયો રાજા

બાળસીંહ— ૧૯

ફળે મનોરથ આજરે મળે ભાઇ જરૂર મુજ ... ભાઇ.
ધરી ધારણા મન વચ તનથી.
લાગ ભલો કરૂં કાજરે ... ... મળે ભાઇ.
નહીતો આ બાળક કયાંથી અહીં
ખોળું મુરબ્બી રાજરે ... ... મળે ભાઇ.

ભીખારી કપડાં ધરી છટકું.
ચટપટ મુકી લાજરે ... ... ગજો ભાઇ.

બળસીંહ— ૨૦

બસ બસ જાઉ હવે હારૂં નહી હામ
વેઠી ભુખ દુખ હું બજાવું મારૂં કામ
ભાઈની જ્વાળ થઇ તનમન બાળનાર
અતળ વીતળ તોડી પાતાળ હું ખોળનાર
ગીરી હું ફરી હું લાવું આમ ... બસબસ.
હોય જો વીર કદી ગીરી કંદર ધીર
હોય જો વીર ગંભીર સાગર તીર
લાવું હું તો મમ દ્વાર, વહાલી પ્યારા જુહાર. ગીરી હું

રાજસીંહ— ૨૧

દૈવ શું આજે રૂઠયો અકાજ, જાય આ રાજ, વેલી છોડીઆ
નયન કમળ કળી ભ્રમર લોભાવે પણ
યોગ જોગ કેમ તજુ પ્રીતી પડીઆ ... દૈવ.
વળવળતી વન દેખી બાળા રદયમાં થાય જ્વાળા,
માતા તારે કરમ નઠારે દુખ અપારે ... વેલી

મૈનાક— ૨૨

પ્રાણ મારા હા ગયા કયાં તરૂણીના પ્રેમ ક્યારા.
અટવી અઘોર માંહી
ઝુરે આ હરીણી જ્યાંહી
બાળાના નયન તારા ... ... તરૂણીના.
ઘુંટડો અમ્રત તણો

હાથથી ગયોજ જાણ્યો
સહુ કેમ નાથ ન્યારા ... તરૂણીના.

છોકરાઓ— ૨૩

આવો આવો લ્યા રમીયે આજે પતંગ ઉમંગમાં,
રગી રમીને જમીયે લાડુ રૂડા મન રંગમાં
નાના કરવો છે પાઠ (૨)
હવે જોઓ તારો ઠાઠ.
ભાઇનું ધ્યાન પતંગમાં-હાંરે લાલા ... ભાઇ
મ્હેતા ગયા છે બ્હાર (૨)
બહુ મઝા પડી યાર
ભાંગ ઉડાવો ઉમંગમાં હાંરે લાલા ... ભાંગ
ભણ્યો ગણ્યો માગે ભીખ (૨)
તમે માનો મારી શીખ.
આવો બેસો આ પ્રસંગમાં હાંરે લાલા આવો.

છોકરાઓ } —
બાળસીંહ } ૨૪

જુઓ શું આ (૨) મારી પાડો લમાઓ...જુઓ.
ધારો શું આ (૨)
લેતું કુંદીપાક આપું આ ... મારીપાડો.
સબ્ર હવે રાખ્ય
જોયા છે આ બાપ
સ્વાદ તું આ ચાખ્ય ... મારીપાડો.
જરા તું વીચાર

તારા શા છે ભાર
લેતો જા ભીખાર ... ... મારીપાડો.

ભીલ
બાળસીંહ
વરેમાણું —

૨૫

મારા બેટા રતનીયા ક્યાં જ્યો તો
ચુપ ભીખારી ભીલ મુઓ બોલ્યો તો ... મારા.

ગધેડીના ફાટયો કાઢુંતારો આટો
મુકીદેને જોયો તારો ધાંટો
આઘોજાતું ખબડદાર બાઝયોતો.

અલ્યા સીયો મારોને વચ્ચે સે કુણતું
હેંડ બેટા હાથે તને બેહાડુ માંથે,
હટ બાઝીશ નહી મુજ હાથે.
આઘો જાતું ખબડદાર બાઝયોતો ... મારા.

શીલાદીત્ય—

૨૬

આફત કેવી મુજ આવી પડીઆ.
દાવા નળ ઉઠીઆગ અંતર માંહી ... આફત

આશા તંતુથી નાદે તણાઇ
વીસ્વાસે મૃગલું વીંધાયું
દૈવ રૂઠીમને દુખ સામરઆં
આસુર બની ડુબાડ્યો આજે ... ... આફત

અંક ૨ જો.

રાજસીંહ— ૨૭

ભજી લે તું ભાવથી ભુંડા જગત આધાર
જગત આધારરે મનવા પતીત ઉધારરે ... ભજીલે
જ્યમ જ્યમ જાળવું તુજને આઘેરૂં તું જાયરે,
પાતાળે પ્રવેશે પળમાં આકાશેતું ધાયરે ... ભજીલે
ચપળ તજી ચપળતા, હરી બેશ ઠામરે,
કરપ્રીત અમ્રત સુતઇશ પામે મોક્ષ ધામરે... ભજીલે

રાજસીંહ— ૨૮

છો અડવડીઆ આધાર (૨)
ચરણતુજ શરણું મુજ ભારી ... ... છો.
હું પતીત કરો ઉપકાર
સાહાય માગે બાળક તારી ... ... છો.
તેં કર્યા શેવકનાં કાજ પાંડુ સુત લાજ,
રાખી તેમ આજ કરો કરૂણા વીનતી મારી ... છો.
આવી પડયો બાળ આવાર દુઃખ મોઝાર અપરંપાર,
ઉગારો અરજી સ્વીકારી ... ... છો.

કુમારીકા ૨૯

આહા જોને બ્હેની છબી રૂડી વસંતતું.
કુસુમ સમુહપર ભ્રમર ગુંજે છે ... ... આહા.
તાલ તમાલને આંબા ખીલેલ જ્યાં
કોયલડી છુપેલ ટયુ ટયુ ... ... આહા.
અબીર બપૈયાને મોર મયુરી,
મ્હાર શું રસીક બનીજોતું ... ... આહા.

વીરસેન }
રાજસીંહ }— ૩૦

શું પ્રબળ કામ પ્રેમનું આ વિશ્વને દમે.
સંજોગી જોગી જોગમાં વીજોગ કાંખમે ... સંજોગી
પરદેશી એ પંખીયે, પ્રીતી કરી રસાળ
પણ પળમાં પંથે પડયાં મુકી તરૂવરડાળ
પ્રેમાળ પ્રેમ રત્ન હૃદય હાટમાં ગમે ... સંજોગી
પ્રીત મધુ બીંદુ વીશે લોભાયે નાદાન
વળી ચંચળ વાદળ સમી સુખ નવ પણ છત્ર હાણ.
વીવેકી વીર પ્રેમમાં લોભાઓના તમે ... સંજોગી

નાયકા— ૩૧

નેના (૩) કસુંબી રંગ હો ભયે. ... ગુલાબી.
પીયા નાયે સારી રેન ... ... ગુલાબી.
એકતો મય રાજા (૨) ફીબેટી
તુમસે ભઇ બદનામ.
એકતો મય છોટી (૨) સુપારીસે છોટી ... પીયા.
એકતો મય ગોરી (૨) ચાંદુ સેબી ગોરી ... પીયા.
એકતો અંધેરી (૨) ડર લાગે.
જોબનવા માગે. ... ... પીયાનાયે.

નાયકા— ૩૨

અંખીયાં અલસાની સૈયાં સેજ ચલોને.
લાલ પલંગપર પચરંગી તકીયા
ઉપર ચાદર છાઇ. સૈયાં.

હલુ હલુ પાઉંરે ધરો મેરે સજના,
જાગે નનંદ જેઠાની. ... ... સૈયાં

મૈનાક— ૩૩

જોગી રાજરે અધીરી ઝુરે આપ કાજ,ઓ.
ભગુવાં તુજ મુજ રૂધીરથી રંગું
ખાતર પ્રેમની આજરે. ... ... જોગી.
ચામ ચીરી મૃગ ચર્મ ધરી હું,
દેહની ખાખ મ્હારાજ. ... ... જોગી.
હાડ તણી કરૂં ઝુંપડી પ્યારા,
ઓમમ શીરના તાજ. ... ... જોગી.

મૈનાક— ૩૪

હસી આવે સાંમી મોહીની છબી ખુબી વાહશું.
વસી ભાવે અંતર પોયણી મન ગમતી વાહતું.
પ્રભુ ચૌદ રતનનો સાર ધર્યો આંહ્ય પડું પાય,
કયાં પાંમુંહું ... ... હસી.
અગીરસ કયારી આંખલડી જાણે કમળ તણી પાંખલડી,
ભમરા ભમરી રતી ખેદ ધરે તુજ નીરખી,
મનના રસીક મનમેલી કરતી ચુંબન આઘેલી. ... પ્રભુ
નવ આલીંગી તરૂવેલી કંઠે વળગી જયમ સેલી,
નળ દમયંતી જેમ છોડી તેમ તર છોડી,
ખમીરે નકલ શીદઠાલી પ્રગટી અસલથા વ્હાલી. ... પ્રભુ

ગરબો— ૩૫

કોયલડી તુજ મીઠડી વાંણી લાગે કાન
એવી બંસી ધારીને મળીયો મારો કહાંન

સુનો ઘાટ દેખી વાટો બની બહુ બાહાવરીરે લોલ
સોનાતે કેરૂં લઇ બેડલું ગઇ પાનીડાંરે લોલ
જળ કાંઠે નહી નાથ ... સુનો ઘાટ
આશા ભર્યાંરે નીકળ્યાં, ધરી શોળ શણગાર
નાથ નમેરો નાશીયો કુંજની કુંજ મોઝાર
પીડે બહુ નવ દલ માલ તમાલ મદન નખ કેસુડારે લોલ
કુહુ કુહુ કોયલડીના બોલ, પડાવે આંસુડાંરે લોલ
શીતળ લેહેરો પવનની, શીતળ સુખકર ચંદ
બાળી કરી દે રાખડી વ્હાલા વીણુ દુખ કંદ,
અબીલ ગુલાલની હેલી કરી મને ઘેલીને ગભરાવે
પીચકારી ભરી કેસર કુમ કુમ નટવર લાલ નવરાવે,
રે ખમા કહાંન ખમા મારા ચીતડાને ચોરી
મને કાં વીસારી
પ્રેમના પ્રીતમજી ... કામના કેશવજી
પ્રેમી મમ પાતળીયા, નંદના નાનયાડીરે સુનો

મહેરૂમલ— ૩૬

રાજ કાજ ઝાઝનો સચીવ સુકાંની.
ખેડે વ્હાંણુ માહા તોફાને કર્યા વીણુ હાણી.
બુડતો બચાવે નૃપજો હોયે માહા પાણી. ... રાજ.
રાજ કાજ વગડે નૃપની ભુમીયો સચીવ
ગયું રાજ રાવણુ કેરૂં વીણુ બુદ્ધી શાણી ... રાજ.

હજામ માળા ભટ દરજી ૩૭

અરે વાહરે મારા ભટ મોદક મૂકો ચટોચટ
ફુલ્યું પેટ તે બેટ તળાવની.

પુલ્યો હલકા હજામ મળ્યા મફતીયા દામ
હોવે હોવે લાંબા પેઠા જાઓને
અલ્યા ઉભો રેહે તું માથો
અરે નારે એતો ગીધો.
એને ઉપાડો શીધો.
મુઓ બાપજી ઓરે મુકાઓને ... અરે વાહરે

મૈનાક
રાજસીંહ } — ૩૮

રસીયા મન વસીયા મોહન મુકો.
રસ અરસ પરસ શીદ ચુકો.
વાદલડી ચાતકતન તરસ છીપાવો.
રૂતુવીણુ કરવો શો દાવો
આવોને
મુઝ માતા ગઇ શીદ આજે
અધીરાં ધરવી નહી લાજે
વરણાગી મુસાફર પરખન જરીયે.
નહી પરખ ત્યાં શીદ પગ ધરીયે ... રસી૦

મૈનાક
રાજસિંહ } — ૩૯

આવો આવો અલબેલા કહું એક વાતડીરે.
મોહન વેલી ઘેલો છોડીયો મુજ બાથડીરે.
રમીયે રાતડીરે.
મુકો બાથડીરે. ... ... આવો આવો.
મળી પદ્મીણી રસીક ભ્રમર તુજ
ચતુર ચપળ ચંચળ ચીત કેમ તુજ

કામણુગારી નારી મુકો બાથડીરે.
મારા સમ છે છોગાળા રમીયે રાતડીરે. ... મુકો,
વળગે શું થઇ ઘેલી વેલી.
લ્યો રસ કસ કળી કમળ ખીલેલી.
નાના નારી
કેમ કરી યારી
માંછલડી વીંટીલ્યો ફાટે છાતડીરે ... મુકો.

મૈનાક
રાજસિંહ }-- ૪૦

વેલી હેમ વેલી પામી વેલી કલ્પ વેલી પામી
મળી મન માન્યો સ્વામી
ચાંદા તું જોજે પ્રેમજાણુ જોજે
ચંદ્ર રમણી રજની તારી જોજે નાથ ચાલતો
પ્રેમને હીંડોળે હીંચું
લોચન લટકે હું ખીંચું
તું વાંમ
સ્યાંમ
આંમને
પ્રીય પાન ઘોને
કમળા ઘોને સાંમા સાંમી
લ્યો ઘો ઘો લ્યોને પ્રેમ જાંણુ જોજે.

વારાંગનાઓ ૪૧

ફુલ બગીયાં લગાઇઓ મ્હારાજા.
સૈયાં તોરે બાગુમેં ... ... ફુલ.

વ્હો બગીચનમેં કયા કયા બોયા.
લીંબુ નરંગી અનાર
જાંબુ આ ચખનેકો ... ... ફુલ.
સર્દી મુસદ્દી જમાદાર
દરોગા લીખને કો ... ... ફુલ.

મ્હેરૂમલ—

૪૨

હાંહા ધરી ધીર શુરવીર
કરો પ્રાણ હાણ કે કાણ કુહાડી.
ઝપટમાં સમશેર કુહાડી ... ... હાંહાં.
સત્ય ઝુંડો ભાર શો, જ્યાં ગરૂડ પડીયા માહાબળી
ખળ વીકર કરો મરતાં જળજળ ... હાંહાં.

લશ્કર સનાપતી—

૪૩

મારી કરો ખળના ચુરે ચુરા પળમા
લડાને પડીને બાથ બરે ભીડાને
પાય નહી ધરવા પાછા ડરી મરવા
વીજય આ વરી કરો વાહ વાહ
કરી કેસરીયાં લ્યો સમશેર કરે
ન્યાય ખંજરીયાં તો શોણીત પુરે
દેહથી ખંજરીયાને
હાલથી ભુરે કરી ધા ધા ધા
વીર વાહ વાહ વાહ ... મારી કરો.

લશ્કર સનાપતી—

૪૪

રાખી લાજ પ્રભુએ આજ ટેકની કાજ ખાંડા છાજ
વીજય પતાકા ફતેહ ડંકા બ્હાદુર બંકા ઝીલ્યા લંકા

દુશ્મન ખાળ્યા દુખ સહુ ટાળ્યાં
હ્યો હવે ચાલો ખુશાથી મ્હાલો
શુરા પુરા નહી અધુરા દુષ્ટો તરફડતા મારીયા,
રીપુ હારીયો પાપી સંહારીયો
રણમાંહે મારીયો, ચીતામાં ભારીયો
પણ નાડો નારીયો, કરી તૈયારીયો
પકડો કુંવરી લડાક વીરો ધીર વીર શુરનરવર કાજરાખો

અંક ૩જો

મેનાક— ૪૫

વ્હાલા હું તો ન સરજી વાદળીરે,
મારા જોગીને છાંયડો કરાત, મને આશો લગાડયો સનેહડોરે
બળી દેહડી નવ થઇ રાખડીરે, જોગી રાજાને ભભુતી ધરાત
અરે હું તો ન સરજી ચાખડીરે, ચરણ કમળ જોગીરાજાનાવસાત
વનમાં ન સરજી તલાવડીરે મારા વ્હાલા કદી કદી ન્હાત હુંતો.

સરદાર બાળસીંહ } ૪૬

ફરીયું માથું મુરખ તારૂ પવન મગજથી કાઢું
પુછે સીધું કોક બીચારૂ બોલે આડુ આડુ
ગરધવ ભુંકે નફટ નકામો સીંહ બાળ શું બ્હીશે.
તેજ આગીયાના આગળ શું સુરજ ઝાંખો દીસે.
બસકર કાગ અથાગ લવારો પળમાં તું પીંખાશે.
ભસે કુતરા હાથી સામું તેથી શું તે નાસે.
ચુપ નાદાન બે ભાન ગઇ સાન ... ફરીયું.

શ્યામકુંવર—   ૪૭

કેવી મધુરી ધીર સમીર લ્હેરે અણુછતી લતા.
કમલિની વીકસ્વરીઆ રતી રસે અધીર   કેવી.
વૃક્ષ સ્થળે દ્વીજ રસીક મધુર સ્વરે ગાન કરી
શોભીત કરે દ્રુમ ઘટા નવીન નાદે ધીર   કેવી.

રૂપાળી—   ૪૮

આહા કરમ શરમ નહી કયાંઇ
કરી બાળા રખડતી જ્યાંહી હો   ...   આહા.
માળ વરાજ દગાથકી પરણી વાટ જનાર
દગો સગો નહી કોઇનો પામીનીજ ભરથાર
રહ્યો રાતડી જોગી ત્યાંહી હો   ...   આહા.
અતઃપુરમાં એકલી છોડી ચાલ્ગો નાથ,
દુષ્ટ દળે પળમાં કર્યો ઘાત સકળ સંગાથ;
નાશી વનમાં ફરે દુખી બાઇ હો...   ...આહા

શ્યામ કુંવર } —
વીરસેન }   ૪૯

પ્રીતમ મમરે કરો સાહાય વખત તમ જાય,
કર્યો આપ અતી ઉપકાર;
તે તણો કરો વીચાર, ધરમ એ તમરે...   કરો.
નીરભળ્યું જવ દુધમાં દીધો પોતે રંગ,
પ્રીત જાણી નીર દુધની બાળે જાતે અંગ...   કરો.
બળતુ જળને દેખીને દુધે કર્યો વીચાર,
મીત્ર બળી મરશે કદા. પડયું આગ મોઝાર,   કરો.

જળ ગભરાયું દુખ દેખી મળ્યું બચાવવા તે પેખી,
પ્રીતમ પ્રીત તેમરે... ... ...કરે.

મૈના— ૫૦

શુન્ય હું આ શુન્ય હું આ દેખું શું આ, પ્રેમી વીના;
પ્રેમી અજાણુ જોડું પ્રાણુ પ્રેમી જાણુ પ્રેમનું દાણુ;
ઝાલ્યો હાથ ચુકાવ્યો નાથ કરીશ ઘાત તેડો સાથ. શુન્ય.
વીરહ કમળ નાળે બીડાઇ ભમરીઆ રીબાય.
રીબાવી ઝુરાવી રખડાવી તલસાવી;
સાથીડે વાલીડે નાર.... ... ... શુન્ય.

ઘુટારા— ૫૧

ઝેણી ઝેણી મોરલીયો વાગે સે,
ઇનો નાદ ગગનમાં ગાજે સે .. .. ઝેણી.
વ્હાલો વરણાગી ઉભા જમનાંના ઘાટે.
સોડી બાળ ગોવાળણો ભાગે સે... ... ઝેણી.

બાળસીંહ— ૫૨

પાખંડી હરો ઘડી આ દેહપર દુખ કાપવા,
ક્ષત્રી વટ ઝટ સાચવી આજે... ...પાખંડી.
ભુખના દુખથી કોઇ આમને ઇંટથી મારે,
પણ તે સજ્જન દુખી ભુખથી ઉગારે,
ઔ બ્રહ્મણ નીરાધારની સાહાયે.
રજપુત સુત ઘરે પાછો ના પાયે,.. ...પાખંડી.

મૈનાક— ૫૩

તમે વીઠલ વેહેલા વળજ્યોરે પામર જાણી,
બીનતડીઉરે ધરજ્યોરે પ્રીતમં પ્રાણી;

ગાય બીચારી રાંકડીને કસાઇ વાડે સાર;
પલકમાં પાપી પ્રાણ લેશે, કોણ સુણે પોકારરે...તમે.
પાંચ્ચાળી પડી પાસમાં પ્રભુ દુષ્ટ કૌરવ દરબાર;
તમ વીણ અબળા જાતની આ કોણ કરીશે વ્હારરે.તમે.

વીરસેન— ૫૪

મુરખડા મૃગલા કરમ તણી ગતી ન્યારી,
ભટકે શું ભોળા ઝાંઝવા જોતું વીચારી... મુરખડા
તપી ટાલ્ય તડકા થકી બેઠા બીલી છાંય,
કરમ હીણને વાગીયું બીલું તુટી ત્યાંય;
આગળ બે ડગલાં કરમ ભુંડા જો વીચારી. મુરખડા.
કરે હર્ષ શું શોક પલકમાં આ તનરંગ પતંગ:
વીણસી જાતાં વાર ન લાગે જગત વીચીત્ર ઢંગરે. મુરખડા.

વીરસેન— ૫૫

શું કહું કરમની વાત દુખી હું ભટકું વનવન ભ્રાત.
વદુ મુખથી શું હું... ... ... શું કહું.
વીખુટી જવ થઇ જોડી, ગયો નીરાશ ઘર બાઇ;
લઇ ચીઠીને વીંટીઆ, સખી તુજ નારની ત્યાંહી;
સુણી વનવાસ અબળાનો ફરૂં તુજ શોધ ઘર છોડી,
ખમ્યું દુખ કામતો લાગ્યું, મળી પ્રેમી ખરે જોડી,
પ્રભુ ઉપકાર આ ઘાત... ... ... શું કહું.

વીરસેન— ૫૬

ઓ દીનાનાથ થાઓ સાહાયે,
નહી થાઓ તો કોણ બીજું ધાયેરે. ઓ દીનાનાથ૦

આવી પડ્યો અટવી અંધારી સીંહનાદ અસરાળરે;
વીશ ધરી ફુંકે વાંસ ફાટે તડાતડ કંપે આ કોમળ કાયરે. ઓ દીના૦
મરતી મંજારી તેં ઉગારી પ્રભુ આપ્યાં ટીંટોડી બાળરે;
નાથ વીના કોણ રસ્તો બતાવે વ્હાલા,
કોણ કરે આ બાળ સંભાળરે. ... ...ઓ દીનાનાથ૦

આમધુત— ૫૭

વીબુધ અર્ચીત પ્રભુ પદ્મ સમ પદ નમું,
શાંતી કર સુખકરા! શાંતી દાતા;
ભારતી સુર ગુરૂ શેશ મુંખ સહસથી,
તુજ સુયશ સ્તવનમાં હાર પામે,
ભુજયુગલ જલ ધીજલ અમલતલ બલ રહીત.
જન કવણ ઝાઝ વણી પાર પામે.........વીબુધ૦
વામન મન કરે, આમ્રફળ શુભ ભણી,
બાળ ભરે ફાળ શશી બીંબ ગ્રહવા,
તત્સમ મુર્ખ હું તાત કરૂણા કરી,
વાત લ્યો ઉરમાં આ ઉતારી. ....વીબુધ૦

વાણીયણ } ૫૮
વાણીયો }

વ્હા, વ્હા, વ્હા, વ્હા, વ્હાલા વણીક વીધા કેળવીરે,
વડચા વીણ ફાટે ટે માટે જુગટી મેળવીરે,
કેવી જુકતીથી પકડાવ્યો,
જો કંઈ જુગટી આગડ ફાવ્યો,
પ્રાણનાથ તમારી વીધા તો અદભુત દેખું જો,
અડે ગાંડી એ વડચાં વના રાવણનું રાજ ગયું રો,
એમ કે

એમ નહી ટો કેમ,
વાહવા લ્યો હવે ચાલો.........બ્હા બ્હા બ્હા બ્હા૦

રામજી
બાળસીંહ

પદ

ચુપ કર અરે ચંડાળ, આવ્યો કાળ આ સમે;
મારૂં પાપી નહી તુજ ડર જરી......ચુપ કર૦
નહી બોલ તું કંગાલ. ....આવ્યો૦
ગજ ફીચ્ચ ડે ધરી, પુરી વાઘને પાંજરે;
તું શું લવે મુજ છોડીને તું જો,
ચાલ ચાલ....................ચુપ કર અરે૦

બધાં ઇશ્વર
પ્રાર્થના

૬૦

વૃષ્ટી અમી તણી સૃષ્ટી તમામ,
સત્ય વીજય સહુ ઠમ—
કારીગરી કર્મ અદ્‌ભુત કામ,
સમાન રાજ રામ,
ઠીક તેં જોગણ જેવી ભમાવી મૈનાક,
સત્ય સાચવી વીધ્ન અરણ્યે અથાગ,
શીળ પરવાના પર ના ડરી માહા ભાગ્ય.
બેટી સબંધીને આમ,
લ્હેર આનંદ તણી આઠ જામ,
ઇશની મ્હેરથી કામ,
નાટક પુષ્પની માળ ધરી,
રાખો અમ્રત સુતનું માંન.........વૃષ્ટી૦

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે લખેલી ચોપડીઓ શ્રી અમદાવાદ ગુજરાતી નાટક કંપનીનો જ્યાં મુકામ હોય ત્યાંથી મળશે. માટે જે સદ્‌ગ્રહસ્થોને જોઇતી હોય, તેમણે રોકડી કીંમતથી મંગાવી લેવી.

(ઓપેરા)	રૂ. આ. પા.
શ્રી ભાનુપ્રતાપ નાટકનાં ગાયનો.........	૦—૨—૦
શ્રી ચંદ્રવિજય નાટકનાં ગાયનો.........	૦—૨—૦
પ્રતાપી રાજસિંહ નાટકનાં ગાયનો......	૦—૨—૦

સીરનામું

શ્રી અમદાવાદ ગુજરાતી નાટક કંપનીના

મેનેજર

પાનાચંદ કાળીદાસ.